May 2026

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 21 • Issue 8 / 243
• Mumbai • Page 24 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • Email : patanmandal@gmail.com • www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



**મારા વહાલા સ્નેહીજનો,**
**આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું.**

**માનવીનું મન પ્રફુલ્લિત Blossoming હોય ત્યારે જ વિકાસની વણથંભી યાત્રાનો પારંભ થાય છે. ક્યારેક વાદળોની ગતિ ધીમી હોય તો ક્યારેક ફાસ્ટ, જાણે તે આપણને કહેતા હોય સમય ગતિશીલ છે, એની વેલ્યુ કરી લે, એનો સદ્‌પયોગ કરી લો, અતિ દુર્લભ આ માનવભવ મળ્યો છે તો એનો કિંમતી સમય, Value of Precious Moment ને સમજી જાય અને બીજાઓ માટે થોડું ઘસાઈ છૂટવાની વૃત્તિ થોડી નિઃસ્વાર્થતા, નિર્મળ સ્નેહભર્યો વર્તન માનવીને આનંદથી ભરી દે છે, આપણે આનંદનું અત્તર બીજા પર છાંટીએ, ત્યારે આપણા હાથમાં પણ એની સુંગધ તો રહી જ જાય છે.**

**'મધર્સ ડે અને ફાધર્સ ડે' નિમિત્તે સર્વે આદરણિય વડીલો, માતા-પિતાઓને નત્ મસ્તકે વંદન.**

પરમાત્માની અસીમ કૃપાથી આપણા **શ્રી પાટણ જૈન મંડળની ૧૧૪ વર્ષ સુધીની દિન-પ્રતિદિન સફળતાની પગદંડી પર નવી નવી યશકલગી સમાન માઈલ સ્ટોન સર્જવાની તૈયારીઓ ખૂબજ સારી રીતે ચાલી રહી છે.** સૌરભ મેડિકલ હેલ્થકેરનો લાભ વધુ લોકો લઈ રહ્યા છે. આપણા નિર્ધારિત સમય મુજબ નવા મેડિકલ હેલ્થકેર બિલ્ડીંગનું OC આવી રહ્યું છે આપણા પ્રથમ **ઉ. પ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવીના** માર્ગદર્શન મુજબ આ પ્રોજેક્ટનું સંચાલન ખુબજ સારી રીતે ચાલી રહ્યું છે. ૩૦૦૦સ્કે ફીટ અને બેઝમેન્ટમાં ૧૫૦૦ ફુટના લોફ્ટમાં ફર્નિચરનું કામ ચાલી રહ્યું છે. જુન સુધીમાં જો કામ પૂરું થઈ જશે તો આપણે નવી જગ્યામાં શિફ્ટ થઈ શકીએ તેવી સંભાવના છે બધા જ નવા ડિપાર્ટમેન્ટ પણ ચાલુ થઈ જાય તેવી આશા છે.

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ** - હોલી ડે હોમનો મહત્વનો પ્રોજેક્ટ લોનાવાલા ખાતે બહુ જ સારી રીતે આગળ વધી રહ્યો છે. જિનાલયનું કામ ૧૪ ફીટ મંડોવર સુધીનું થયું છે રંગમંડપ અને પીલરો મુકવાનું કામ ચાલુ થયું છે. બિલ્ડિંગનું કામ પણ પૂર જોશમાં ચાલું છે. વરસાદ પહેલા પ્લીંથનું કામ પુરુ થાય તો ચોમાસામાં પણ 1st slab નુ કામ કરી શકીએ એવી ગણતરી છે.

આ પ્રોજેક્ટમાં એક જ લાભ **શ્રી પાર્શ્વયક્ષનો અડધો લાભ બાકી છે જે ૩૧.૫૦ લાખમાં આપવાનો છે,** જે ભાગ્યશાળી પરિવારને ભાવ હોય, ઈચ્છા હોય તો રાહ ન જોતા, વહેલી તકે લાભ લઈ લેશો. આ છેલ્લી જ તક છે જતી કરવા જેવી નથી. લોનાવાલા આવન-જાવનનો હવે New Mising Contacting Link ના લીધે જલ્દી પહોચી શકાય છે. **આપણા વડવાઓએ પાટણના મહોલ્લામાં આજથી સદીઓ પહેલા જિનાલયોના નિર્માણમાં લાભ લઈને બનાવ્યા. તો આપણે પણ આપણી નવી પઢીને આવનારા વર્ષોમાં મુંબઈથી નજીક નૂતન નિર્માણ થનાર નવગ્રહ જિનાયલમાં લાભ લેવાનું કેમ ચૂકી જવાય ?**

Cont. page 2

**લોનાવાલા બોમ્બે તો વન-ડે ટ્રીપ જેવું છે. તેથી આ જિનાલયનો લાભ દર શનિ-રવિવાર લઈ શકાય તેવો છે. આ જાજરમાન નવગ્રહ નિર્મિત, એક-એક પ્રતિમા અમૂલ્ય નિલમ, પાના, માણેક જેવા કિંમતી સ્ટોનથી ભરાવેલ પ્રતિમાઓનું જિનાલય બહુ જ ટૂંક સમયમાં શ્રી પાટણ જૈન મંડળની આન-બાન ને શાન સમુ, ગૌરવવંતુ ને ચૌદિશાએ ધજા ફરકાવતું આપણા પાટણ વાસીઓનું અમૂલ્ય નજરાણું બનશે. જે દિવસે ધજા ફરકશે તો સમૃદ્ધ પાટણ અને પાટણના દાનવીરોની ગાથા ગાશે. મિત્રો ! આપણે બધા શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદાની અત્યંત કૃપા અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના આશીર્વાદથી જ આ જિનાલયનું નિર્માણ કરી શક્યા છીએ. તેમાં આપણા મહાન દાતા પરિવારોનો અમૂલ્ય ફાળો છે તે કેમ ભૂલી શકાય ? વસ્તુપાલ-તેજપાલ-ધરણાશાહ જેવા આપણે ત્યાં પણ ભાગ્યશાળી આત્માઓ છે. આવા બધા ભાવ સહુના મનમાં થવા જોઈએ. અનુમોદના સહુની થવી જોઈએ તો જ આ મંગલ ઘડી, શુભ મુહુર્ત અને શુભ દિવસ જોતજોતામાં આવી જશે. મારી સાથે શ્રી હેમંતભાઈ સાલવી, શ્રી દિનેશભાઈ શાંતિલ શાહ અને શ્રી ધર્મેશ જશવંતલાલ શાહનો સતત સાથ સહકાર મળી રહ્યો છે. રત્નની પ્રતિમાઓ માટે નિરીક્ષણ કરવા અમે મુંબઈ-જયપુરની આવન-જાવન કરી રહ્યા છીએ, અમને બસ તમારો પ્રેમ, હિમત અને સાથ સથવારાની જરૂર છે.**

ખૂબ જ સુંદર રીતે **રત્નોની પ્રતિમાઓ** તૈયાર થઈ રહી છે **માર્બલની બધી જ પ્રતિમાઓ** તૈયાર થઈ ગઈ છે, તા. ૧૩ મે ના રોજ મકરાણાથી અલ્પેશ જૈન, પાટણથી કિશન સોમપુરા ને જિનાલયના વિશેષ કામની ચર્ચા-વિચારણા કરવા આમંત્રિત કર્યા હતા. અમદાવાદથી સોલાર સિસ્ટમની ટીમને પણ ત્યાં કામકાજ માટે બોલાવી હતી. આ સિસ્ટમ કેવી રીતે કામ કરશે તેની જાણકારી મેળવી હતી.

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત, **મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી, ભાયંદરમાં ચાલતા આપણા Sick Bed Service Centre માટે નવા આધુનિક Instruments લેવાના છે. જેનો કુલ લાભ રૂા. ૨૫ લાખમાં આપવાનો છે. સમાજના ઉદારદિલ દાતાઓને વિનંતી કરીએ છીએ કે જે દાતા આનો લાભ લેશે તેઓનું નામ એક વર્ષ માટે ચારેય સેન્ટરો ઉપર મૂકવામાં આવશે અને એક વખત પ્રતિબિંબમાં ફોટો આવશે અને એક વર્ષ માટે પ્રતિબિંબમાં નામ આવશે. માનવસેવાર્થે આ લાભ અચૂક લેશોજી.**


લોનાવાલા ખાતે **શ્રી કલ્પનાબેન અને શ્રી દિલીપભાઈ (USA)** તરફથી **રૂા. ૩૧,૫૦,૦૦૦/- નું દાન** પ્રાપ્ત થયેલ છે જેની ખુબ ખુબ અનુમોદના.

**શ્રીમતી માલતીબેન રાજેન્દ્રભાઈ ગભરુચંદ શાહ હ. શ્રીમતી મિલોનીબેન મયુરભાઈ શાહ (ઝવેરીવાડો) પરિવાર, તરફથી દિવ્યાંગ ઉત્કર્ષ ભેટ રૂા. ૫ લાખ, તથા અનાજ વિતરણ યોજના ખાતે રૂા. ૪ લાખ પ્રાપ્ત થયેલ છે જેની ખુબ ખુબ અનુમોદના.**


**તા. ૨૧મી જૂન સવારે ૯.૩૦ કલાકે પાટકર હોલમાં જમવા સાથે ગુજરાતી ગીતોનો ગુલદસ્તો વ્હાલમ-૨ દિલીપ રાવલ પ્રસ્તુત લોકપ્રિય કલાકારોના સથવારે સુંદર મજાના કાર્યક્રમનું આયોજન કરેલું છે.**

**- અસ્તુ -**









## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

પ્રિય મિત્રો !
પ્રણામ

મારાં પ્યારા વાચક મિત્રો ! આપ સૌના કરકમળમાં આ અંક આવશે ત્યારે એક ખૂબ જ સુંદર મજાનો દિવસ, જે મારો, તમારો કે આપણા સૌનો પ્યારો છે, મનગમતો અવસર છે તે શાબ્દિક રીતે અથવા તો કેલેન્ડરની ભાષામાં કહીએ તો પસાર થઈ ગયો છે. પણ ના તમે અફસોસ નહીં કરતા આપણી સંસ્કૃતિમાં અને સંસ્કારમાં તો જીવન પર્યંત 'માતૃદેવો ભવ' અને **'પિતૃદેવો ભવ'** સાથે જ રહે છે.

માતા-પિતા ને આપણે ક્યારેય અલગ માનતા જ નથી. તેમનો દરજ્જો, માન, આદર તો હૃદયમાં હંમેશા ઉચ્ચસ્થાને જ રહે છે. સંતાનો માટે બન્ને પૂરક જ છે. જો માતાની હૂંફ અને પિતાની છત્રછાયા ન મળે તો સંતાનોને જીવન અધૂરું લાગે છે. એમના વિના પરિવાર પૂર્ણ નથી. માતા-પિતા સાથેનો સંબંધ જન્મ સિદ્ધ ઋણાનુબંધ છે. જેનું ઋણ સંતાનો ક્યારેય પણ ચૂકવી શકતા નથી. માતા-પિતાનો પ્રેમ, લાગણી અને સ્નેહ એ તો અંતરની અનુભૂતીનો સંબંધ છે. તેથી જ તો દુનિયામાં બધા જ સંત મહાત્માઓ આદિ અનાદિ કાળથી ઉપદેશ આપીને સમજાવતા રહ્યા છે. **''દુનિયામાં સર્વ પ્રથમ અને સર્વશ્રેષ્ઠ સ્થાન તો માતા-પિતાનું જ છે.''** ભગવાનનું સ્થાન પણ તેમના પછી છે. જે સંતાનો નિત્ય સવારે સૌ પ્રથમ માતા-પિતાને પગે લાગીને, પ્રણામ કરીને જ તેમની દિન ચર્યાનો પ્રારંભ કરે છે તે ઘર એક મંદિર માનવામાં આવે છે.

**એક ઉત્તમ પિતા સંતાનો માટે વાવાઝોડા વચ્ચે આધાર આપતું વૃક્ષ છે.** માતા સંતાનોને મમતાથી એની ભીતરની લાગણી દુનિયાથી પરિચિત કરાવે છે, પિતા પોતાની મક્કમતાથી બાળકને બહારની દુનિયાનો પરિચય કરાવે છે. આ રીતે માતા પાસેથી સ્નેહ અને શ્રદ્ધા મળે તો પિતા પાસેથી સાહસ, સાવધાની મળે અને જીવનનું ઘડતર થાય છે. **પ્રત્યેક વ્યક્તિના જીવનમાં ભણતર, ગણતર અને ઘડતરનો ત્રિવેણી સંગમ તો માતા-પિતાના સમન્વયથી જ થાય છે.**

માતા તો સંતાનોના દરેક પ્રશ્નો બાબત ચિંતા કરી જાણે છે પણ પિતાને તો ચિંતા સાથે તેનો ઉકેલ પણ લાવવાનો હોય છે. માતા માનસિક પીડા ભોગવે છે. પિતા તેના માટે આર્થિક, શારીરિક અને જે તે સંજોગ કે સિસ્ટમ પાસેથી કામનો ઉકેલ લાવવાની સૂઝ - સમજ બતાવી માર્ગદર્શન આપીને દીવાદાંડીનું કામ કરે છે.

સંતાનો માટે માતાના ઉજાગરાની જેટલી નોંધ સાહિત્યકારોએ લીધી છે તેટલી પિતાના અંધારી રાત્રીમાં સતત બદલાતા રહેતા પથારી પરના પડખા પર કોઈની નજર નથી પડતી. પરંતુ સમયના વહેતા પ્રવાહમાં સુખ-સગવડોની વચ્ચે મોજમજા કરતા અને વધુમાં વધુ ઉચ્ચ શિક્ષણ મેળવી સારા વેતનની સર્વિસ કરીને ઉચ્ચ કમાણી કરતાં આજના સંતાનો અને તેમના પિતાશ્રીઓની વચ્ચે જરૂરથી મનભેદ અને મતભેદનું વાતાવરણ સર્જાયા વગર રહેતું નથી. તેઓ માતા-પિતા સાથે ''ઓપન માઈન્ડ ફ્રેન્ડશીપ'' ઈચ્છે છે. પણ પિતા તેમનાજ વિચારો સંતાનો પર લાદે તો તેઓને પસંદ નથી પડતું. પરિણામે પિતા-પુત્ર વચ્ચે ઘર્ષણ થયા વગર રહેતું નથી. આવા સમયે પિતાએ પણ ઉદારતાથી નવી વૈચારિક ક્રાંતિને અપનાવીને સંતાનો સાથે વાણી, વર્તનને વ્યવહાર સાથે સમજણનો સેતુ રચવાનો સમય આવી ગયો છે. સંતાનોમાં આત્મવિશ્વાસ જાગે અને સફળતાની પગદંડી પર જીવનની સફર કરતો રહે તેના માટે હંમેશા **''બેટા ! તું શ્રેષ્ઠ બનજે. તારું નામ રોશન કરજે.''**ના આશિર્વાદથી જ મીઠો મધુરો સંબંધ રાખવાનો જરૂરી બને છે.

ક્યારેક મૂંઝવણભરી સ્થિતિમાં સંતાનોને પિતાના પ્રેમાળ હાથ અને સાથની જરૂર હોય તેવા સમયે સંતાનો પર ક્રોધ કરી, તેમની ટીકા કરી અને બિન-જરૂરી સલાહ સૂચનો આપીને અપમાનિત કરે તો એ સંબંધો સચવાતા નથી તેમાં તિરાડ પડે છે.

કેલિફોર્નિયાની એક કંપનીમાં કામ કરતા એક પિતાએ એક રિબિન પોતાના ૧૪ વર્ષના પુત્રને આપી. તે રિબનમાં લખેલું હતું. **''મારાં જીવનમાં પરિવર્તન લાવનારને''** પિતાએ પુત્રને કહ્યું, ''બેટા ! મને ઘણું કામ રહે છે. તેથી હું ઘરમાં તારા પર ધ્યાન આપી શકતો નથી તને ઓછા માર્કસ મળે કે તારો રૂમ અવ્યસ્થિત હોય તો હું તારા પર ગુસ્સો કરું છું.'' પણ દીકરા, આજે મારે તને કહેવું છે કે તે મારા જીવનમાં પ્રકાશ ભરી દીધો છે **તું અદ્‌ભુત બાળક છે.** "I Love you more then anybody else" અને પિતાએ પુત્રના શર્ટ પર હૃદય પાસે રિબન લગાવી.

દીકરાની આખમાંથી આંસુ વહેવા માંડ્યા. ''ડેડ, હું તમને કદી ખુશ કરી શકતો ન હતો મને લાગતું હતું કે, તમે મને નથી


Cont. page 4

ચાહતા. તેથી હું આત્મહત્યા કરવાનો હતો પણ હવે હું જીવીશ ડેડ, "I Love you too"

વર્ષો પછી પિતાએ પુત્રને આશ્લેષમાં લીધો. બન્નેની આંખોમાંથી પ્રેમના આંસુ સરતા હતા. **ફાધર્સ ડેના દિવસે સંતાનો પિતાએ પોતાના અનુભવમાંથી સિંચેલી, લાગણીથી ઘડેલી શિખામણોનું મૂલ્ય સમજે, તેના ઉપયોગથી પોતાની જિંદગીનો સુંદર ઘાટ આપે અને એક દિવસ પોતાના સંતાનોને મૂલ્યવાન શીખ આપવા જેટલું સામર્થ્ય કેળવે તેજ ફાધર્સ ડે નિમિત્તે મારી પ્રાર્થના છે.**

**''જેણે તમને ચણ આપ્યું, જેણે તમને પાંખો આપી,**
**જેણે તમને સ્વપ્ન આપ્યા, જેણે તમને ઉડ્ડયન આપ્યું તે પિતાને**
**તમારું આકાશ તમને મળે ત્યારે ભૂલી ન જતાં.''**

**- અસ્તુ -**




## સમજુ થઈને પાછો ફર

આ સંદેશને કાવ્યાત્મક ભાવથી વાંચશો તો સમજદારીનો દીવો દિલમાં પ્રગટશે.

**હે માનવ !**

વિચારીને તું ડગલું ભર, આડું આવળું કશું ન કર,
થઈ જાય જો ભૂલ થકી, તો સમજુ થઈને પાછો ફર..
બચપણમાં કંઈ નહોતી ખબર, યૌવનમાં રખડવા મદભેર..
હવે તો વૃદ્ધાવસ્થા વળતી સફર, સમજુ થઈને પાછો ફર..
પાપ તણો ના રાખ્યો ડર, પુણ્ય કાર્ય કર્યા નહીં..
રાગ - દ્વેષ - મોહમાં ફસાયો, સમજુ થઈને પાછો ફર..
ભ્રમમાં ના રહેવું, પલભર સાથેના આવે તલભાર..
પ્રેમથી કર જીવનને સભર, સમજુ થઈને પાછો ફર..
રાવણનો તું રાહ ન ધર, દુર્યોધનને ના અનુસર..
જીવન પ્રભુને અર્પણ કર, સમજુ થઈને પાછો ફર..
મારૂ - તારું મત કર, લોભ - લાલચને છોડીને
ક્ષમાયાચના સૌથી કર, સમજુ થઈને પાછો ફર...

❑ **ભારતી બી. શાહ**

## લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ સ્વ. શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ, હ. શ્રીમતી રેખાબેન વિનોદચંદ્ર શાહ (વખતજીની શેરી) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા ઈસ્ટ-વેસ્ટ) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી સહસ્ત્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ, બાણગંગા વાલકેશ્વર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી જૂહુ સ્કીમ જૈન સંઘ | રૂા. ૧૧.૭૦ લાખ |

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ આયોજિત

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

### શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)

સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરિત

**સૌજન્ય દાતા..**

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)
શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
ન્યુ ઈન્ડિયા કંન્સ્ટ્રક્શન (શ્રી નાનુભાઈ શાહ) (કનાસાનો પાડો)
શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ - હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ (ચિતારાની ખડકી)
શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)




(વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખવામાં આવેલ છે) બુફે લંચ : સુંદરાબાઈ હોલ, ન્યુ મરીનલાઈન્સ

Passes Available from 5th June At Patan Jain Mandal office and other places.

Donation Passes price with Lunch

- Rs. 700/- Premium Category Fix Sitting
- Rs. 500/- Super Deluxe Fix Sitting Category
- Rs. 300/- Deluxe .. Fix Sitting

On pick up your destiny basis.. Couple, Single and Family Passes (4 ppl ) will be sealed in cover and you will get to pick the lucky seat packed in envelope as Lottery

*Marine drive : Shree Patan Jain Mandal - 9167902267*

| | | |
|---|---|---|
| Nagdevi | : Jyotendrabhai Jayantilal Shah | 9819793001 |
| Vile Parla | : Bhaviniben Janakbhai Shah | 9920064668 |
| Kandivali | : Milanbhai Vipinchandra Shah | 9324370338 |
| Bhayander | : Nileshbhai Kantilal Shah | 9321150160 |
| Goregaon | : Shree Patan Jain Mandal Office | 9076242381 |
| Malad | : Bhavikbhai Bhadreshbhai Shah | 7666676701 |
| Borivali | : Shree Patan Jain Mandal Office | 9321361110 |
| Vasai | : Nileshbhai Rameshchandra Shah | 9820200523 |

# તપોભૂમિમાં તેજસ્વી તપસ્વીઓનો પારણોત્સવ












# તપોભૂમિમાં તેજસ્વી તપસ્વીઓનો પારણોત્સવ

**''અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણીયે**
**અમે આવ્યા વરસી તપના પારણે આજ, અવસર રૂડો આંગણીયે''**

માયાવી નગરી મુંબઈના દક્ષિણ વિસ્તારમાં આવેલા મરીન ડ્રાઈવ વિસ્તારમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય પરિસરમાં આજથી લગભગ પાંચસો દિવસ પહેલાં વરસીતપ આરાધના કરાવવાના બીજ રોપાયા જ્યારે શેષકાળમાં વિહાર દરમિયાન અત્રે પ.પૂ. ગણિવર્ય જિનરત્નવિજયજી મ.સા. આદિ ઠાણાની મરીન ડ્રાઈવનાં આગણે બે - ત્રણ દિવસની નિશ્રા મળી તે સમય દરમિયાન મુનિ ભગવંતશ્રી પ્રભુશાસન મ.સા દ્વારા વાતચીત દરમિયાન ટ્રસ્ટીગણને મરીન ડ્રાઈવ ખાતે સામુહિક વરસીતપના આયોજન કરવાની પ્રેરણા આપી ટ્રસ્ટીઓએ પરસ્પર ચર્ચા વિચારણા કરી તુરંત જ તેમની વાતને વધાવી લેતા આદિનાથ દાદાની જય બોલાવી.

**''અસ્થિર મનના માનવીને રસ્તો જડતો નથી,**
**અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી''**

આ ઉક્તિને સાકાર કરવા ટ્રસ્ટીગણે ટુંક જ સમયમાં સખત જહેમત ઉઠાવી

**''રુષભજી બોલાવે છે એના સપના આવે છે''**

**''મરીન ડ્રાઈવ સંઘ બોલાવે છે, વરસીતપ કરાવે છે''** ના સુરે સામુહિક વરસીતપ આયોજનની જાહેરાત કરતા જ તેને વધાવી લેતાં લગભગ એકસો તપસ્વીઓએ જોડાવા તૈયારી બતાવી, પણ જગ્યાની સંકડામણને કારણે લગભગ પંચોતેર તપસ્વીઓને આ તપમાં જોડાવવા સંમતિ આપી.

વરસીતપના વિશાળ ખર્ચને પહોચી વળવા **રૂપિયા અગિયાર લાખની રકમ ''વરસીતપના મુખ્ય લાભાર્થી''** યોજના જાહેર કરવામાં આવી અને જાણે દાન ગંગાનો પ્રવાહ મરીન ડ્રાઈવ તરફ વળ્યો. એક પછી એક કરતા નવ દાતાઓ જોડાયા. ઉપરાંત સંઘ દ્વારા સવારના બિયાસણાની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમાં પણ રૂપિયા પચ્ચીસ હજાર એક બિયાસણાનો ફાળો આપનાર દાતાઓની વણઝાર જોવા મળી.

**સંવત ૨૦૮૧ના ફાગણ વદ -૮, તા.૨૨-૩-૨૦૨૫ના મંડાણ થયા** વરસીતપના પ્રથમ ઉપવાસના.અને જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સમસ્ત મરીન ડ્રાઈવ નગર જાણે ફેરવાઈ ગયુ ભક્તિ નગરીમાં.

વરસીતપ દરમિયાન દરેક **તપસ્વીઓને લાભાર્થી મે. એસ . કપૂરચંદ પરિવાર** તરફથી પાલિતાણા તેમજ **''વરસીતપના મુખ્ય લાભાર્થી''** પરિવારો તરફથી હસ્તિનાપુરની યાત્રા કરાવવામાં આવી. અને નજીક આવી પહોંચ્યો સંવત ૨૦૮૨નો વૈશાખ મહીનો. આ પારણા મહોત્સવને શાનદાર બનાવવાના સઘળા પાસાઓની ઝીણવટભરી તૈયારીઓ આદરી. **સહુ પ્રથમ તા. ૨૨-૩-૨૦૨૬ના સંગીતકાર નીલેશભાઈ રાણાવતના સથવારે પત્રિકા લેખનનો સમારંભ શાનદાર રીતે ગુરુ ભગવંતોની નીશ્રામાં યોજવામાં આવ્યો હતો.**

**રવિવાર, તા.૧૨/૪/૨૬ના મરીન ડ્રાઈવના રાજમાર્ગ ઉપર ચતુર્વિધ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં જાજરમાન શોભાયાત્રાનું આયોજન થયું.** ત્યારબાદ વિવિધતા - વિશિષ્ટતા સભર મહાપ્રભાવક ભક્તામર મહાપૂજન રાખવામાં આવ્યું હતું.

**શનિવાર, તા.૧૮/૪/૨૬ના** સવાર અને બપોરે કુંજન મોરખીયાના સંગીતના તાલે તપસ્વીઓને પુજણાનો, બપોરે મહેંદી રસમ અને સાંજે વિરાજ શાહ અમદાવાદ તથા જય શાહ મુંબઈ દ્વારા સુમધુર સંગીતમય **''દિન ચારસો ઋષભનો વારસો''** કાર્યક્રમ યોજાયેલ જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા.

**રવિવાર, તા. ૧૯/૪/૨૬ના** પ્રથમ તબ્બકે દરેક પંચોતેરથી વધુ આરાધક તપસ્વીઓ તેમજ મુખ્ય લાભાર્થી પરિવારનો સુવર્ણ તથા રજત મુદ્રા એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું. ત્યારબાદ સતત આખા વરસીતપ દરમિયાન બિયાસણામા દૈનિક ભોજન પીરસવાની અત્યંત પ્રસંશનીય તેમજ અન્યોને દ્રષ્ટાંત સમાન નિસ્વાર્થ ભાવે ખડે પગે ઉભા રહી સમય અને શક્તિના સમન્વયે સેવાઓ આપનાર લગભગ પચ્ચીસ સ્વયં સેવકોનુ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં રજત સ્મૃતીચંદ્રક આપી સનમાન કરવામાં આવ્યું. સાથસાથ પેઢીમાં કામ કરતા સભ્યો, પુજારીઓને તેમજ સંપૂર્ણ વરસીતપ દરમિયાન વિવિધ લજ્જતદાર વાનગીઓનો રસથાળ પીરસનાર પ્રકાશભાઈ મહારાજ ને પણ યાદ કરીને ઉચીત સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજના સપરમા દિને મરીન ડ્રાઈવ સંઘના ટ્રસ્ટી પદે બિરાજમાન થઈ પાંચ દાયકાથી અવિરત અને એકધારી બહુમુલ્ય સેવાઓ પ્રદાન કરનાર **શ્રી અરવિંદભાઈ જેશીગલાલ શાહને ''સંઘ ગૌરવ'' પદવી અને સ્મૃતિ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો.** ત્યારે સહુએ સભાગૃહમાં ઉપસ્થિત ઉભા થઈ તાળીઓના ગડગડાટ સાથે તેમને standing ovation આપેલ.

Cont. page 8

સંધ્યાકાળે પ્રસિદ્ધ પુણેરી મહાકાલ ઢોલના કલાકારોના શાનદાર પ્રદર્શન સાથે કુમારપાળ મહારાજાનો વરઘોડો મરીન ડ્રાઈવ ખાતે નીકળ્યો. ત્યારબાદ પરમાત્માના પાંચ કલ્યાણકો સાથેની ભવ્યાતિભવ્ય મહાપુજાનું પ્રથમ લાભાર્થી પરિવાર દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. દરેક ભાઈ બહેનોને દીપક આપી મંગલમય સમુહ આરતીનો ભવ્ય નજારો દર્શનીય રહ્યો. સાથોસાથ આ પ્રસંગે ભક્તિ સંગીત સરવાણીએ એક અનેરી રંગત જમાવી હતી.

**સોમવાર, તા.૨૦/૪/૨૬ના NSCI પેલેસ હોલ,** વર્લી ખાતે પ્રથમ મહાત્માઓના મુખે હિતશીક્ષા પ્રદાન કરવામાં આવી હતી. લાભાર્થી પરિવાર દ્વારા ગુરુભગવંતોનું ગુરુપૂજન કરવામાં આવ્યું હતું. તેમજ તપસ્વીઓને પ્રથમ સમુહ પારણું કરાવવામા આવ્યું હતું, ત્યારબાદ સર્વે આરાધક પરિવારો દ્વારા દરેક તપસ્વીઓને પારણું કરાવવામાં આવ્યું. આ અવસરે લગભગ ત્રણ હજાર ભાઈ-બહેનોની ઉપસ્થિતિ રહી હતી જેઓને સંઘપુજન તરીકે સિદ્ધચક્રજીની ભેટ આપવામાં આવી હતી.

**આ અવસરે ૧૩મા વર્ષીતપના આરાધક ભક્તિરત્ન વિજયજી મ.સા.** તથા **દ્વિતિય વર્ષીતપના તપસ્વી પ.પૂ. ગણિવર્ય જિનરત્નવિજયજી મ.સા.ને પણ પારણું કરાવવાનો લાભ સંઘને પ્રાપ્ત થયો તેનું ગૌરવ રહેશે.**

**સોમવારે તા.૨૧/૪/૨૦૨૬ના દિને** સર્વ તપસ્વીઓને છેલ્લું શાહી પારણું કરાવી ઝાકમઝોળ રોશની અને ઉત્સાહ ઉમંગ સભર અનેકાનેક અવિસ્મરણીય સંભારણા મુકી ચારદિવસીય મહોત્સવ ચતુર્વિધ સંઘના સાનિધ્યમાં સંપન્ન થયો.

ઉપરોક્ત ચારેય દિવસો દરમિયાન સ્વામીવાત્સલ્યનું આયોજન રાખવામાં આવ્યું હતું.

મહોત્સવના વિવિધ અનુષ્ઠાનોમા હર્ષભેર ચઢાવાઓનો લાભ લેનાર દરેક લાભાર્થી પરિવારજનોની ભૂરી ભૂરી અનુમોદના, પંચોતેરથી અધિક તપસ્વીઓને બે કરજોડી નત મસ્તકે વંદન.

**''જેમની આંખોમાં ખુમારી છે, અને શાતા હરદમ સારી છે**
**એવી તપસ્વીઓની તપોભૂમિ,મરીન ડ્રાઈવમા જાહોજલાલી છે''** જેવા આ ગીતનું ગુંજન ચાલી રહ્યું છે.

**રૂપિયા અગિયાર લાખ ''વરસીતપ મુખ્ય લાભાર્થી'' યોજનાના લાભાર્થીઓ**

- **શ્રીમતી અરુણાબેન કિર્તીભાઈ ગીરધરલાલ જશપરાવાળા**
- **શ્રીમતી ચેતનાબેન મુકેશભાઈ લલીતભાઈ શાહ**
- **શ્રીમતી હેમાબેન દર્શનભાઈ રવીન્દ્રભાઈ શાહ**
- **શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા**
- **મે. એસ. કપૂરચંદ (વિમલભાઈ)**
- **શ્રીમતી ચારુબેન તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ,**
- **શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ**
- **શેઠ શ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી**
- **શ્રીમતી પ્રીતીબેન યોગેશભાઈ રવીન્દ્રભાઈ શાહ**










# સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

## સમૃદ્ધ પાટણ સમાજની અનાજ વિતરણ યોજના

### -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-

પોતાના સહધર્મી ભાઈને, શ્રેષ્ઠ, સમર્થ અને દિવ્યગુણ સંપન્ન બનાવવો તેનું નામ સાધર્મિક વાત્સલ્ય, તેનું નામ સાધર્મિક ભક્તિ.

ભક્તિનો અર્થ છે પરમપ્રીતિ સહર્ધમી ભાઈને પણ શ્રેષ્ઠ, સમર્થ અને સંપન્ન બનાવવા માટે નક્કર પ્રયત્ન કરવા તેનું નામ સાધર્મિક ભક્તિ. જૈન ધર્મના ઉમદા વિચારોને કેન્દ્રમાં રાખીને શ્રી પાટણ જૈન મંડળ સમાજના મધ્યમવર્ગના પરિવારોને હર પ્રકારે સાથ-સહકાર અને સેવા આપવાનો મુખ્ય ધ્યેય ધરાવે છે અને સતત કાર્યરત છે.

આપ સહું આર્થિક રીતે સાધન સંપન્ન શ્રેષ્ઠિઓ મળે છે કે સાધર્મિકોને સહાય કરવા દિન-પ્રતિદિન ભંડોળની જરૂર પડતી જ હોય છે. વધતી જતી કારમી મોંઘવારીમાં આ પરિવારોને સહાય કરવા ભંડોળ-ફંડની જરૂર તો પડતી જ રહે છે એના પછી જરૂર પડે છે, ઉત્કટ ભાવનાની અને સમર્પિત કાર્યકરોની આ ત્રિવેણી સંગમ સતત જો અકબંધ રહે તો શ્રી પાટણ જૈન મંડળના અનેકાનેક જીવનમાં એક દીપ પ્રગટાવી શકીશું. પાટણ જૈન મંડળ તરફથી ગત વર્ષે શરૂ કરવામાં આવેલ અનાજ વિતરણ યોજના અંતર્ગત લગભગ ૨૨૫ પરિવારો લાભ લઈ રહ્યા છે.

સંસ્થામાં આજ સુધી ૨૫ દાતાઓના નામ આવી ગયા છે તે સર્વેનો ખૂબ ખૂબ આભાર. સમાજના અન્ય પરિવારોને પણ સાધર્મિક ભક્તિ યોજનામાં જોડાવવા નમ્ર વિનંતી.

- ✳ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- ✳ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
- ✳ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- ✳ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
- ✳ શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- ✳ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
- ✳ શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- ✳ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- ✳ શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)
- ✳ શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
- ✳ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ (અમદાવાદ)
- ✳ શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- ✳ શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- ✳ શ્રી ધવલભાઈ દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- ✳ શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
- ✳ શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)
- ✳ શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા (ભાભાનો પાડો)<br>શ્રી જયેશભાઈ નાનકચંદ શાહ (નેહજ) (કુંભારીયા પાડો)
- ✳ શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ તથા (વખતજીની શેરી)<br>શ્રીમતી શિતલબેન નિલેશભાઈ શાહ (ખડાખોટડીનો પાડો)
- ✳ શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)
- ✳ શ્રમતી કુસુમબેન કાંતિલાલ તેલિયાવાળા (મનમોહનજીની શેરી)
- ✳ શ્રીમતી હેમલબેન જનકભાઈ શાહ (મનમોહનજીની શેરી)
- ✳ શ્રીમતી નીતાબેન કમલેશભાઈ શાહ ( )
- ✳ શ્રીમતી પંકિતાબેન પરેશભાઈ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)
- ✳ શ્રી કેશવલાલ કીલાચંદ શાહ (કુંભારીયા પાડો)
- ✳ શ્રી મુકુલબેન બીપીનચંદ્ર રાણીવાલા (ખડાખોટડીનો પાડો)
- ✳ શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેકર (કેશુશેઠનો પાડો)
- ✳ શ્રી મયુરભાઈ નવીનચંદ્ર શાહ (ઝવેરી વાડો)
- ✳ શ્રીમતી પ્રભાવતીબેન જમનાદાસ શાહ (ડંકમહેતાનો પાડો)
- ✳ શ્રીમતી માલતીબેન રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરી વાડો)
- ✳ શ્રી રાજેન્દ્રભાઈ ગભરુચંદ શાહ (ઝવેરીવાડો)
- ✳ શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી (કુંભારીયા પાડો)
- ✳ શ્રીમતી માધવીબેન હિતેનભાઈ ઝવેરી (કુંભારીયા પાડો)
- ✳ શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)

### ફાસ્ટ ફોરવર્ડ

''રિસર્ચ શું કરવાનો ? તમારી આસપાસ જીવતું ધબકતું જગત છે એ તમારો અભ્યાસક્રમ. આઈડિયા બુકમાં નથી. શેરીઓમાં છે, સામાન્ય માણસની વાત સાંભળવામાં છે. કોમ્પ્યુટર કે ફોનમાં જોશો તો ડેટા મળશે, પણ માથું ઊંચું કરી જોશો તો દુનિયા મળશે, ફાઈન્ડ ધ બેલેન્સ.''


**ALPA MARRIAGE BUREAU** ESTD. 1998

**GRAND GET TOGETHER** July end

ONLY FOR JAIN CANDIDATES

Under Graduate candidate no entry

• Meet Suitable Jain candidate Under One Roof • Trusted Matchmaking Since 1998 • Special Interaction Session For Candidates & Families • Delicious Jain Food Arrangement • South Mumbai Venue • Limited Entry • Without Reference No Entry • Advance Registration Required


Patan Jain Candidates & Other Jain Candidates Welcome Venue South Mumbai

Contact : Mrs. Alpa Shah • Mob. : 9823218746

ADVT

## વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.

### શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ







**Rs. 25+6.5 = 31.5 Lc બે ભાગમાં સયુંક્ત લાભાર્થી :**

પાર્શ્વયક્ષનો અર્ધો લાભ અપાઈ ગયો છે
બીજા ભાગના લાભાર્થીનું નામ લેવાનું બાકી છે,
જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
આ સ્કીમમાં પાર્શ્વયક્ષ ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.


| | |
|---|---|
| **Rs. 2.25 Cr** | ડાઈનીંગ હોલ |
| **Rs. 1.50 Cr** | Grand એન્ટ્રન્સ લોબી |
| **Rs. 1.25 Cr** | ક્રિકેટ ગ્રાઉન્ડ |
| **Rs. 1.25 Cr** | લેન્ડસ્કેપ એરિયા |
| **Rs. 1.25 Cr** | હોલ (૨૦૦ વ્યક્તિ માટે) |
| **Rs. 63 Lc** | હોલ (૧૦૦ વ્યક્તિ માટે) |
| **Rs. 30 Lc** | વ્યૂવિંગ ગેલેરી |

દાતા શ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.
સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે


**વધુ વિગત માટે સંપર્ક**


શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી – પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) – ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ • શ્રી દેવેશભાઈ આર. શાહ – માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખે શ્વર પા ર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

* રંગમંડપમાં નામ આપવાના રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
(અંકે રૂા. બે કરોડ સાત લાખ)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

* ચાર ગભારા ઉપર નામ આપવાના રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
(અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

## શ્રી પાટણ જૈન મંડળ
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

### લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

### દેરાસરના મુખ્ય લાભાર્થી
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી
- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)
  હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

### Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  - શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી મીનાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ
  - શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા - શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા - શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી ગૌતમસ્વામી - શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) - એક સદગૃહસ્થ
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધીરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી - મહાદેવાજીની શેરી)
  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રીમતી શીલાબેન દિપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)

# STRONG PILLARS

## TRADE FAIR & DANDIA RAAS

**Smt. Bhagwatiben Vinodchandra Shah (Matliwala) Parivar (Kanasano Pado)**

**Shri Hemantbhai Kantilal Shah (Salvi) Parivar (Salvi Wado)**

**Smt. Sudhaben Dineshbhai Shantilal Shah (Pole ni Sheri)**

**Shri Rameshchandra Chhabildas Jhaveri Parivar (Manmohanjini Sheri)**

**Smt. Ashitaben Sonirbhai Sandesara Parivar (Keshusethno Pado)**

**Shri Viralbhai Rajendrabhai Champaklal Jhaveri Parivar (Manmohanjini Sheri)**

**Shri Kuntalbhai Niranjanbhai Popatlal Shah Parivar (Kanasano Pado)**

**Smt. Niranjanaben Prafulbhai Shah Parivar (Brahman Wado)**
**(Haste. Smt. Dipaben Nileshbhai Shah)**

**Shri Sandipbhai Kirtilal Shah (Keshusethno Pado)**


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

- મુમુક્ષુ વૈયાવચ્ચ યોજના – કાયમી ફંડ રૂા. ૫,૨૫,000/–
- મુખ્ય આધારસ્તંભ યોજના ખાતે કાયમી ફંડ રૂા. ૩,૧૧,000/–
- સહાયક ભક્તિ ફંડ યોજના – તક્તિમાં નામ આવશે રૂા. ૧,૧૧,૧૧૧/–
- ભોજન ખંડમાં ફોડો કાયમી ફંડ ખાતે રૂા. ૫૧,000/– • દૈનિક ભક્તિ રૂા. ૫,000/–

**સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન • સાધર્મિક ભક્તિ • મુમુક્ષુ ભક્તિનો લાભ**

